GJRJ040030122023

| | | |
|---|---|---|
| રજુ કર્યા તારીખ : | | ૨૧/૧૦/૨૦૨૩ |
| દાખલ તારીખ | : | ૨૧/૧૦/૨૦૨૩ |
| ફેંસલ તારીખ | : | ૩૧/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૨ – ૦૯ – ૧૦ |

નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર–VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી/૨૦૦૧/૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

:: FORM-A ::

---

**ગોંડલના મ્હે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી સમક્ષ,**
**મુ.ગોંડલ, જી.રાજકોટ.**

---

**શક્તિસિંહ ઘનશ્યામભાઇ ચાંચુ**
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
મુ.ગોંડલ, જી.રાજકોટ.
**(ચુકાદાની તા.૩૧/૦૭/૨૦૨૬)**

**ફોજદારી કેસ નં.૨૦૫૧/૨૦૨૩**
**આંક :– ૩૪**

**ફરીયાદી : શ્રી સ ર કા ર**

**:: વિરૂદ્ધ ::**

**આરોપી :** (૧) **રિમલ ઉર્ફે લાલો રમેશભાઇ રાઠોડ**
ઉ.વ.૨૫, ધંધો–મજુરી,
રહે. રામાપીરના મંદિર પાછળ,
ડૈયા ગામ, તા.ગોંડલ, જી.રાજકોટ.

(૨) **રામજીભાઇ ઉર્ફે રામકુ બાવનજીભાઇ મકવાણા**
ઉ.વ.૩૧, ધંધો–મજુરી,
રહે. વારા ડુંગરા ગામ, તા.જેતપુર, જી.રાજકોટ.

| :: એફ.આઇ.આર.ની વિગતો / ગુન્હો અને પોલીસ સ્ટેશન :: | |
|---|---|
| **પોલીસ સ્ટેશન :** | જીલ્લો રાજકોટ ગ્રામ્ય પોલિસ મથક : ગોંડલ તાલુકા પો. સ્ટે., ગોંડલ, જી.રાજકોટ, વર્ષ–૨૦૨૩, ગુ.રજી.નં.૧૧૨ ૧૩૦૧૬૨૩૦૫૬૩/૨૦૨૩, તા.૧૩/૦૭/૨૦૨૩. |
| **ગુન્હો :** | પ્રોહીબીશન એક્ટ કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબ. |
| **તહોમતનામા મુજબ તહોમત :** | પ્રોહીબીશન એક્ટ કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબ. |
| **ફરીયાદી :** | શ્રી સરકાર સ્ટેટ ઓફ ગુજરાત<br>(મુળ ફરીયાદી : અજીતભાઇ રણમલભાઇ ગંભીર) |
| **ફરીયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રી :** | શ્રી એસ.એસ.ખરાડી. |
| **આરોપી :** | **(૧) રિમલ ઉર્ફે લાલો રમેશભાઇ રાઠોડ**<br>ઉ.વ.૨૫, ધંધો–મજુરી,<br>રહે. રામાપીરના મંદિર પાછળ,<br>ડૈયા ગામ, તા.ગોંડલ, જી.રાજકોટ.<br>**(૨) રામજીભાઇ ઉર્ફે રામકુ બાવનજીભાઇ મકવાણા**<br>ઉ.વ.૩૧, ધંધો–મજુરી,<br>રહે. વારા ડુંગરા ગામ, તા.જેતપુર, જી.રાજકોટ. |
| **આરોપી તરફે વિદ્વાન વકિલશ્રી :** | વિ.વ.શ્રી એ.એલ.મકવાણા. |

## :: FORM-B ::

| | |
|---|---|
| **ગુન્હો બન્યા તારીખ :** | તા.૧૨/૦૭/૨૦૨૩, કલાક ૨૩:૨૫. |
| **ફરીયાદની તારીખ :** | તા.૧૩/૦૭/૨૦૨૩, કલાક ૦૧:૦૦. |
| **ચાર્જશીટની તારીખ :** | તા.૧૩/૦૯/૨૦૨૩ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ :** | તા.૨૫/૧૧/૨૦૨૩ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ :** | તા.૨૩/૦૭/૨૦૨૪ |
| **ચુકાદો રાખ્યાની તારીખ :** | તા.૩૦/૦૭/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ :** | તા.૩૧/૦૭/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો :** | ----------- |

## :: આરોપીની વિગત ::

| અ.નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | ગુનાની કલમ | શું નિર્દોષ છોડ્યા /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | કલમ–૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રિમલ ઉર્ફે લાલો રમેશભાઇ રાઠોડ | ૧૨/૦૭ / ૨૦૨૩ | ૧૩/૦૭ /૨૦૨૩ | પ્રોહીબીશન એક્ટ કલમ –૬૫(એ)(એ), ૧૧૬ (બી), ૮૧ મુજબ. | નિર્દોષ | –– | ૦૧ દિવસ |
| ૨ | રામજીભાઇ ઉર્ફે રામકુ બાવનજીભાઇ મકવાણા | ૧૨/૦૭ /૨૦૨૩ | ૧૩/૦૭ /૨૦૨૩ | પ્રોહીબીશન એક્ટ કલમ –૬૫(એ)(એ), ૧૧૬ (બી), ૮૧ મુજબ. | નિર્દોષ | –– | ૦૧ દિવસ |

## :: FORM-C ::

## :: ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોની વિગત ::

**(એ) ફરીયાદપક્ષ તરફે :–**

## :: ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો ::

| ક્રમ | આંક | સાહેદનું નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૦ | અજીતભાઇ રણમલભાઇ ગંભીર | ફરીયાદી |
| ૨ | ૨૬ | કરણભાઇ રમેશભાઇ સોલંકી | પંચસાહેદ |
| ૩ | ૩૧ | શક્તિસિંહ મનુભા જાડેજા | ત.ક. અમલદાર |

**(બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

## :: ફરીયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવાઓ ::

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ. | ૧૧ |

| | | |
|---|---|---|
| ૨ | પંચનામું. | ૨૭ |
| ૩ | ડેપ્યુટ હુકમ. | ૩૨ |
| ૪ | એફ.એસ.એલ. રવાનગી. | ૩૩ |

**બચાવપક્ષે આંકે પડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**:: મુદ્દામાલની વિગત ::**

| અ.નં. | મુદ્દામાલ પાવતી નંબર તથા તારીખ | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | મુ.પા.નં.૨૩૦/૨૦૨૩ તા.૧૩/૦૭/૨૦૨૩ | (૧) અલગ–અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની કુલ બોટલ નંગ–૨૧, રૂા.૬,૩૦૦/–, જે એફ.એસ.એલ તપાસણી અર્થે પંચો રૂબરૂ કબ્જે કરેલ છે તે.<br>(૨) એક કાળા કલરનું સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઈકલ જેના રજી.નં.જી.જે.૦૩.કે.આર.૬૪૮૮ વાળુ છે તે.<br>(૩) એક ઓપો કંપનીનો કાળા કલરનો F195 એન્ડ્રોઈડ મોબાઈલ ફોન છે તે.<br>(૪) એક બ્લુ કલરનો થેલો છે તે.<br>(૫) જુદા–જુદા દરની રૂા.૧,૨૦૦/– ચલણી નોટો. |

**:: ચુ કા દો ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, તા.૧૨/૦૭/૨૦૨૩ ના કલાક ૨૩:૨૫ વાગ્યે આ કામના આરોપી નં.૧ નાએ ગેરકાયદેસર પાસ પરમીટ કે આધાર વગર પોતાના કબ્જા ભોગવટાના કાળા કલરના સ્પ્લેન્ડર મોટરસાઈકલ રજી.નં. માં ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂનું બોટલો નંગ–૨૧ સાથે મળી કુલ રૂા.૩૦,૫૫૦/– ના મુદ્દામાલ સાથે મળી આવી તેમજ ઉપરોક્ત મુદ્દામાલ આ કામના આરોપી નં.૨ નાએ પુરો પાડી, ગુનામાં એકબીજાની મદદગારી કરી, ગુન્હો કરેલ હોય, જેની ફરીયાદ ફરીયાદીએ ગોંડલ તાલુકા

પોલિસ સ્ટેશન ગુ.રજી.નં.૧૧૨૧૩૦૧૬૨૩૦૫૬૩/૨૦૨૩ થી પ્રોહીબીશન એક્ટ કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય અને તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો હોવાથી તેઓ સામે હાલનું ચાર્જશીટ કરવામાં આવતા તેને રજીસ્ટરે લઈ ફોજદારી કેસ નં.૨૦૫૧/૨૦૨૩ થી નોંધવામાં આવેલ છે.

(૨) હાલના આરોપી સામે ચાર્જશીટ દાખલ થતા ઉપરોકત ગુનાનું સંજ્ઞાન લઈ સમન્સ કરવામાં આવેલ. જે સમન્સ આરોપીને બજતા આરોપી તેના વકીલ સાથે હાજર થયેલ હતા. ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ હાલના આરોપીને ચાર્જશીટ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ અને ત્યારબાદ આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એક્ટ ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબ **આંક–૦૪ થી** તહોમતનામું ફરમાવી, **આંક–૦૫ થી આંક–૦૬ સુધી** આરોપીની પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ પોતાનો ગુનો કબુલ કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ અને સદર કેસ આગળ ચલાવવો હોય તેમ જણાવતા સદર કેસની આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે **FORM-C** માં રજુ રાખેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો પુર્ણ થતા હાલના આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, તેઓ તદ્દન નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૪) ફરીયાદપક્ષે સરકારશ્રી તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષ તરફે વિદ્વાન વકિલશ્રીની વિસ્તૃત મૌખિક દલીલો સાંભળવામાં આવેલ.

(૫) આમ, આ કામે હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.:

**:: મુદ્દા ::**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૨/૦૭/૨૦૨૩ ના કલાક ૨૩:૨૫ વાગ્યે આ કામના આરોપી નં.૧ નાએ ગેરકાયદેસર પાસ પરમીટ કે આધાર વગર પોતાના કબ્જા ભોગવટાના કાળા કલરના સ્પ્લેન્ડર મોટરસાઇકલ રજી.નં. માં ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂનું બોટલો નંગ–૨૧ સાથે મળી કુલ રૂા.૩૦,૫૫૦/– ના મુદ્દામાલ સાથે મળી આવી તેમજ ઉપરોક્ત મુદ્દામાલ આ કામના આરોપી નં.૨ નાએ પુરો પાડી, ગુના માં એકબીજાની મદદગારી કરી, પ્રોહીબીશન એક્ટ કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.:

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**:: <u>નિર્ણયો અંગેના કારણો</u> ::**

(૭) ફોજદારી કાર્યવાહી પ્રણાલી પ્રમાણે ફરીયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હાઓ હરકોઈ શંકાથી પર સાબિત કરવાનો હોય અને તે મુજબ આ જવાબદારી ફરીયાદપક્ષના શીરે છે. સાથો સાથ ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ–૧૩૯ (ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ–૧૩૪) મુજબ સાહેદોનો જથ્થો મહત્વનો નથી. પરંતુ, સાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા મહત્વની છે, જે પ્રસ્થાપિત સિદ્ધાંત ધ્યાને લઈ પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**<u>:: મુદ્દા નં.૧ ની ચર્ચા :–</u>**

(૭.૧) આ કામે ફરીયાદપક્ષ તરફે **ફરીયાદી અજીતભાઈ રણમલભાઈ ગંભીર** નાઓએ **આંક–૧૦** થી સોગંદ પર જુબાની દરમ્યાન ફરીયાદ મુજબની હકીકત તેમજ તપાસ અંગે કરેલ કાર્યવાહીની હકીકત જણાવેલ છે અને **આંક–૧૧** થી ફરીયાદ રજુ કરી, જેમાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ ડૈયા થી વેકરી જતા રોડ પર આજુબાજુમાં ખેતરો અને મકાનો છે. તેમજ વેકરી થી ડૈયા તરફ જતો રસ્તો જાહેર માર્ગ છે અને ત્યાં ઘણા વાહનોની અવરજવર હોય છે. તેમજ તેઓ ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશનથી કલાક ૨૩:૦૦ ના નીકળેલા. તેમજ તેઓ જે વાહનમાં કોમ્બીંગમાં હતા તેના નંબર તથા ડ્રાઈવરનું નામ તેઓની ફરીયાદમાં લખેલ નથી. તેમજ તેઓએ તેમની ફરીયાદમાં કોઈ પંચોના નામ કે સરનામા લખેલા નથી. તે સિવાય આરોપીપક્ષે મુકેલા બચાવના તમામ સજેશનો નકારી કાઢેલ છે.

(૭.૨) આ કામે ફરીયાદપક્ષ તરફે **પંચસાહેદ કરણભાઈ રમેશભાઈ સોલંકી** નાઓને **આંક–૨૬** થી તપાસવામાં આવેલા છે. તેઓએ **આંક–૨૭** ના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે. એટલે કે, ફરીયાદપક્ષ તરફથી પંચસાહેદને તપાસવામાં આવેલ છે અને તેમની જુબાની દરમ્યાન જે પંચનામું રજુ થયેલ છે તે રજુ થયેલ પંચનામાને પંચસાહેદે સમર્થન આપી, તે પંચનામાની હકીકતને પુરવાર કરેલ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામું થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીના સમર્થનમાં જે પંચનામું થયેલ છે તે પંચનામું ફરીયાદપક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવુ જોઈએ, તે આ કામે **આંક–૨૭** ના પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી. આ સંજોગોમાં પંચસાહેદની જુબાનીથી કહેવાતા મુદ્દામાલની જપ્તી રીકવરી પુરવાર થતી નથી.

(૭.૩) આ કામે ફરીયાદપક્ષ તરફે **તપાસ કરનાર અમલદાર શક્તિસિંહ મનુભા જાડેજા** નાઓને **આંક–૩૧** થી સોગંદ પર જુબાની દરમ્યાન ફરીયાદ મુજબની હકીકત તેમજ તપાસ અંગે કરેલ કાર્યવાહીની હકીકત જણાવેલ છે અને આ કામે આગળની તપાસ તેઓને સોંપેલ હોય, જે **આંક–૩૨** થી ડેપ્યુટ હુકમ રજુ રાખેલ છે. તેમજ આ કામે **આંક–૩૩** થી એફ.એસ.એલ. રવાનગી રજુ રાખેલ છે. ત્યારબાદ આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, વેકરી થી ડૈયા ગામમાં જવાનો રસ્તો જાહેર રસ્તો છે, ત્યાં ઘણા માણસોની અવર જવર ચાલુ હોય છે. તેમજ તપાસ દરમ્યાન મોટર સાઈકલના આધાર પુરાવા તપાસના કામે કબ્જે કરેલ નથી. તેમજ પેટ્રોલીંગ દરમ્યાન તેઓ સાથે હતા. તેમજ પોલિસ સ્ટાફ સિવાય બીજી કોઇ સ્વતંત્ર સાહેદો ના નિવેદનો લીધેલા નથી. તે સિવાય આરોપીપક્ષે મુકેલા બચાવના તમામ સજેશનો નકારી કાઢેલ છે.

(૮) આમ, ફરીયાદપક્ષ દ્વારા વધુ કોઈ સાહેદને તપાસવામાં આવેલ નથી. રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને રાખતા આ કામે પંચસાહેદ સિવાય આ કામે તપાસવામાં આવેલ સાહેદ એ પોલિસ સાહેદ છે અને તેઓએ ફરીયાદ તથા સ્થાનિકે કરેલ કાર્યવાહીને અનુરૂપ જુબાની માત્ર આપેલ છે, તે જોતા તેઓ વિધિવત પ્રકારના સાહેદ છે. તેથી તેઓના પુરાવાને અન્ય સ્વતંત્ર અને તટસ્થ સાહેદોના પુરાવાનું સમર્થન મળવુ જરૂરી છે. પરંતુ, આ કામે ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદપક્ષના જ સ્વતંત્ર અને તટસ્થ એવા **આંક–૨૭** ના પંચનામાના પંચસાહેદને સમન્સ કરતા, તે મળી આવતા ન હોય તેવા શેરા સાથે પરત ફરેલ. તેમજ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પંચનામાના પંચસાહેદને ફરીયાદપક્ષ તપાસી શકેલ નથી. જેથી હાલની ફરીયાદને લેશમાત્ર સમર્થન મળેલ નથી કે પંચનામા મુજબની કે ફરીયાદીએ તેમની ફરીયાદમાં જણાવ્યા મુજબની કાર્યવાહી સ્થાનિકે પંચસાહેદ રૂબરૂ થઈ હોય તે હકીકતને પણ સમર્થન મળતુ નથી. બનાવનું સ્થળ જોતા સ્વતંત્ર અને તટસ્થ સાહેદ મળી શકે તેમ હોવા છતાં તેવા કોઈ સાહેદોને

આ કામે સાહેદ તરીકે બતાવેલ નથી કે તેઓનો પુરાવો આ કામે રજુ થયેલ નથી કે તેઓનો પુરાવો આ કામે રજુ થયેલ નથી તેમજ આ કામે ફરીયાદીએ પોતાની ફરીયાદમાં પંચોના નામ જણાવેલા નથી ત્યારે ફરીયાદ પહેલા પંચનામું કરેલ હોવા છતાં પંચોના નામ ફરીયાદમાં દર્શાવેલા નથી તે જોતા ચોક્કસ ફરિયાદ પહેલા પંચનામું કરવામાં આવેલ છે કે કેમ ? તે બાબતે પણ શંકા ઉત્પન્ન થાય તેમ છે, ત્યારે માત્ર પોલિસ સાહેદોના વિધિવત પ્રકારના પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

– વધુમાં, કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ કોની પાસેથી કબ્જે કરવામાં આવેલ ? તેમજ કોના કબ્જામાંથી મળી આવેલ ? તે બાબત તેમજ મુદ્દામાલની જપ્તી, રીકવરી પણ પંચસાહેદના પુરાવાથી પુરવાર થતી નથી અને તેથી મહત્વની બાબત આરોપીનું એકસ્કલ્યુઝીવ કોન્સીયસ પઝેશન પુરવાર થતુ નથી. વધુમાં, આ કામના સ્વતંત્ર પંચસાહેદ ફરીયાદપક્ષની હકીકતે લેશમાત્ર સમર્થન આપતા ન હોય, તે સંજોગોમાં બનાવવાળી જગ્યાએથી મુદ્દામાલ મળી આવેલ તે આરોપીના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતેના કબ્જા ભોગવટાનો હોવાની કોઈ જ હકીકત ફરીયાદપક્ષના પુરાવા પરથી ફલિત થતી નથી.

– આમ, ઉપર મુજબનો ફરીયાદપક્ષ દ્વારા રજુ કરેલ પુરાવો હાલના આરોપીને તકસીરવાન ઠરાવવા પુરતો જણાતો નથી. તેથી ફરીયાદપક્ષ હાલના આરોપી વિરૂદ્ધનો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડતા હોય, જેથી **મુદ્દા નં.૧** નો નિર્ણય **નકારમાં** ઠરાવવામાં આવે છે અને **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબ **આખરી હુકમ** કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

(૧) આ કામના આરોપી નં.(૧) **રિમલ ઉર્ફે લાલો રમેશભાઈ રાઠોડ,** ઉ.વ.૨૫, ધંધો–મજુરી, રહે. રામાપીરના મંદિર પાછળ, ડૈયા ગામ, તા.ગોંડલ, જી.રાજકોટ, **(૨) રામજીભાઈ ઉર્ફે રામકુ બાવનજીભાઈ મકવાણા,** ઉ.વ.૩૧, ધંધો–મજુરી, રહે. વારા ડુંગરા ગામ, તા.જેતપુર, જી.રાજકોટ વાળાને ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન ગુ.રજી.નં.૧૧૨૧૩

૦૧૬૨૩૦૫૬૩/૨૦૨૩ થી પ્રોહીબીશન એક્ટ કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબના ગુનાના તહોમતમાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબના હેતુ માટે અપીલ સમય સુધીના આ કામના આરોપીએ **રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)** ના જામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ બિનકિંમતી મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યા બાદ ધોરણસર નાશ / નિકાલ કરવો. આ કામે કબ્જે થયેલ અન્ય મુદ્દામાલ મોટરસાઈકલ તથા મોબાઈલ ફોન અંગે તેના માલિકીપણાની ખરાઈ કરી, મુળ માલિક ને પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–**૩૧ મી,** માહે–**જુલાઈ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ગોંડલ.

તારીખ : ૩૧/૦૭/૨૦૨૬

**(શક્તિસિંહ ઘનશ્યામભાઈ ચાંચુ)**
એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ગોંડલ. **(UIC No.00885)**